ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૩/૨૩–૨૪/ ૧૪૮૧ તારીખ : 07 NOV 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૩/૨૩–૨૪

પ્રતિ,
**મે.એસ.પી.આઈ.ઓટો ઈન્ડિયા પ્રા.લી.**
**૧૨૯, ફેઈઝ–૧, જી.આઈ.ડી.સી.**
**મું. વઢવાણ**
**જી.સુરેન્દ્રનગર–૩૬૩ ૬૪૦**

**મો.નં– ૦૨૭૫૨ ૨૪૦૦૪૧**

**વિષય : અમારા એચ.ટી.કનેકશન નં–૧૮૬૧૫ નું લોડ વધારાનું ખોટી રકમ રદ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો ઈ–મેલ પત્ર તા.૨૧/૦૯/૨૦૨૩ તેમજ તા.૨૬/૦૯/૨૦૨૩ અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૩–૨૪/૧૩૮૨ તા.૦૪/૧૦/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૩–૨૪/૧૪૦૧ તા.૦૯/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૧૦/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૩/૨૩–૨૪** ☜

વાદી :– **મે.એસ.પી.આઈ.ઓટો ઈન્ડિયા પ્રા.લી.**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૮/૧૦/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી નિરવભાઈ ગણપતભાઈ પટેલ (વાદી ના પુત્ર –ડાયરેકટર)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.એસ.પી.આઈ ઓટો ઈન્ડિયા પ્રા.લી., મું.વઢવાણ, તા.જી.સુરેન્દ્રનગરની અમારા એચ.ટી.કનેકશન નં–૧૮૬૧૫ નું લોડ વધારાનું ખોટી રકમ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૩/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૩–૨૪/૧૩૮૨ તા.૦૪/૧૦/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૧૦/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.એસ.પી.આઈ ઓટો ઈન્ડિયા પ્રા.લી.વતી તેમના ડાયરેકટર પુત્ર શ્રી નિરવભાઈ ગણપતભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી મે.એસ.પી.આઈ ઓટો ઈન્ડિયા પ્રા.લી.ના નામનું ગ્રાહક નં–૧૮૬૧૫ થી એચ.ટી.વિજ જોડાણ ૩૫૦ કે.વી.એ નું જીઆઈડીસી વઢવાણ ખાતે તા.૦૮/૦૯/૨૦૧૧ ધરાવે છે.

૧.૨ વાદી જણાવે છે કે, તેઓ દ્વારા તેમને આપવામાં આવેલ વિજ બિલ નિયમીત ભરવામાં આવે છે.તેમ છતાં, અમારા વિજ બિલમાં લોડ વધારાની રકમ ઉધારવામાં આવેલ છે. જે બાબતે વિજ કચેરી ખાતે તપાસ કરવામાં આવતા વિજ કચેરી દ્વારા જણાવેલ છે કે, કંપનીના નિયમ ૪.૯૫ મુજબ તમો દ્વારા સદર વિજ જોડાણમાં માંગેલ વિજ ભાર કરતા કુલ ૪ વખતથી વધુ વિજભાર નો વપરાશ બિલમાં નોંધાયેલ છે. જેના અંદાજપત્રની રકમ તમારા વિજ જોડાણમાં ઉધારવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ વાદી જણાવે છે કે, વિજ કચેરી દ્વારા વિજ ભાર વધારવા માટેની નોટીસ મળ્યા બાદ અમારી ડિમાન્ડ વધેલ નથી. તેમજ અમો દ્વારા અન્ય એચ.ટી.વિજ જોડાણ સદર વિજ જોડાણ થી આશરે ૧૦ કિ.મી. દૂર લેવામાં આવેલ છે. જેથી હવે સદર વિજ જોડાણમાં હવે પછી ક્યારેય ડિમાન્ડ વધશે નહી. આમ, ગ્રાહક નં–૧૮૬૧૫ થી એચ.ટી.વિજ જોડાણ માં વિજ ભાર વધારા માટે આપવામાં આવેલ અંદાજ પત્ર રદ કરવા જણાવે છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ વાદીશ્રી મે.એસ.પી.આઈ ઓટો ઈન્ડિયા પ્રા.લી.ના નામનું ગ્રાહક નં–૧૮૬૧૫ થી એચ.ટી.વિજ જોડાણ ૩૫૦ કેવીએ નું જીઆઈડીસી વઢવાણ ખાતે તા.૦૮/૦૯/૨૦૧૧ થી ધરાવે છે.

૨.૨ વાદીનો સદર વિજ જોડાણ ૩૫૦ કેવીએ નું ધરાવે છે. વાદીએ નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૪ વાર માંગેલ વિજભાર થી વધુ વિજભારનો વપરાશ કરેલ છે. જેમાં વાદીના વિજ મીટરમાં મે–૨૦૨૨ માં ૩૯૭, ઓગષ્ટ–૨૦૨૨ માં ૪૦૭, સપ્ટેમ્બર–૨૦૨૨ માં ૪૧૯ અને ઓકટોબર–૨૦૨૨ માં ૪૦૦ ડિમાન્ડ જોવા મળેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત નં–૪.૯૫ મુજબ સદર ગ્રાહકને વિજભાર વધારો કરવાનો થાય છે.

" સપ્લાય કોડની શરત નં–૪.૯૫ મુજબ, માંગ આધારીત એલ.ટી.વિજ જોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વિજ ભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા ૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે. અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે."

૨.૪ આમ વાદીએ નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૪ વાર માંગેલ વિજ ભાર થી વધુ વિજ ભારનો વપરાશ કરેલ હોવાથી સપ્લાય કોડની શરત–૪.૯૫ મુજબ વિજ ભારમાં વધારો કરવા માટે પત્ર નં – એસએનડી/ રેવ/ ૩૯૪૬ તા.૧૧/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. ઘણો સમય વિતી ગયા બાદ પણ સદર નોટીસનો વાદી દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ હતો નહી. વાદીએ વિજ કચેરી દ્વારા જવાબ નહી આપતા પત્ર નં – એસએનડી/ ટેક–૨ /૨૨૯૫ તા.૨૦/૦૫/૨૦૨૩ ના રોજ વિજ ભાર વધારો કરવા માટેનું રૂા.૧૦,૧૧,૬૫૬/– અંદાજપત્ર આપવામાં આવેલ હતું.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

૨.૫ વાદીએ વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર નિયત સમયમાં ભરવામાં આવેલ નહી હોવાથી વિજ કચેરી દ્વારા ફરીવાર પત્ર નં- એસએનડી/ટેક-૨/એચટી/૩૦૭૩ તા. ૦૩/૦૭/૨૦૨૩ ના રોજ આખરી નોટીસ આપવામાં આવેલ હતી. વાદીને આખરી નોટીસ આપવામાં આવેલ હોવા છતાં અંદાજપત્રની રકમ રૂા.૧૦,૧૧,૬૫૬/- નહી ભરતા સપ્લાય કોડ-૨૦૧૫ ની શરત નં-૪.૯૫ મુજબ તેમના વિજ જોડાણ નં-૧૮૬૧૫ માં ઉધારવામાં આવેલ છે. જેથી વાદીએ વિજ ભારનો વપરાશ કરેલ હોય વિજ ભાર વધારો કરવાનો થાય છે.જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.એસ.પી.આઈ.ઓટો ઈન્ડિયા પ્રા.લી.ના નામનું ૩૫૦ કેવીએ નું એચ.ટી.વિજ જોડાણ જીઆઈડીસી વઢવાણ ખાતે ધરાવે છે. જેનો ગ્રાહક નં-૧૮૬૧૫ છે. જેમાં પ્રતિવાદી દ્વારા સપ્લાય કોડ-૨૦૧૫ ની શરત નં-૪.૯૫ મુજબ લોડ વધારો માંગી લેવા અપાયેલ નોટીસ અને કાર્યવાહી સામે વાંધો હોઈ ફોરમને રજૂઆત કરેલ.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૧૮/૧૦/૨૦૨૩ ના રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારોએ હાજર રહી પોત પોતાની રજૂઆતો કરેલ છે. જે ફોરમે શાંતિથી સાંભળેલ છે.

૩.૩ ફોરમ સમક્ષ રજૂ થયેલ વિગત મુજબ વાદીના એચ.ટી.વિજ જોડાણ માં વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૪ વાર માંગેલ વિજ ભાર થી વધુ વિજ ભાર નો વપરાશ નોંધાયેલ માલૂમ પડતા, પ્રતિવાદી દ્વારા સપ્લાય કોડ - ૨૦૧૫ ની કલોઝ નં-૪.૯૫ મુજબ કાર્યવાહી કરી પત્ર નં-૩૯૪૬ તા.૧૧/૦૫/૨૦૨૨ થી નોટીસ આપવામાં આવેલ. જે અંગે લાંબા સમય બાદ પણ વાદી તરફથી કોઈ પ્રતિભાવ ન મળતા ફરી તા.૨૦/૦૫/૨૦૨૩ પત્ર નં-૨૨૯૫ થી વિજ ભાર વધારો કરવા અંગેનું રૂા.૧૦,૧૧,૬૫૬/- નું અંદાજપત્ર આપવામાં આવેલ.

૩.૪ઉપરોકત અંદાજપત્ર પણ વાદી દ્વારા ભરવામાં ન આવતા પ્રતિવાદીએ પત્ર નં-૩૦૭૩ તા.૦૩/૦૭/૨૦૨૩ થી આખરી નોટીસ આપેલ. જે અંગે પણ કોઈ કાર્યવાહી ન થતા વાદીના ખાતામાં અંદાજપત્રની રકમ ઉધારવામાં આવેલ. જે કાર્યવાહી નિયમોનુસારની જણાય છે.

૩.૫ આ તબકકે સુનાવણી દરમ્યાન વાદીએ જણાવેલ કે, વર્ષ ૨૦૨૧-૨૨ માં તેઓનું ધ્યાન પ્રતિવાદીએ દોર્યા બાદ તેમની એમ.ડી.માં એક પણ વખત કરારીત વિજ ભાર થી વધારે વધારો નોંધાયેલ નથી. તેઓએ આ અંગે જરૂરી કેપેસેટરી તથા અન્ય ઉપકરણો બદલીને તેમની વિજ માંગ કરારીત વિજ ભાર થી ઓછી કરેલ છે. જે અંગે ફોરમ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૨-૨૩ નો ડેટા મંગાવી ખરાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૬ ઉપરોકત તારણો અને રેકર્ડ જોતા ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, આ કેસના અરજદાર કનેકશન ચાલુ રાખવા માંગતા હોઈ, સપ્લાય કોડ–૦૪/૨૦૧૫ ની કલોઝ નં–૪.૯૫ મુજબ તેમજ પીજીવીસીએલના પત્ર નં – પીજીવીસીએલ/આરએન્ડસી/૧૯૧૦ તા.૧૯/૦૩/૨૦૨૨ ને તેમજ ફોરમ ના કેસ ન. ૯૨/૨૨-૨૩ મેં. અંબિકા ફર્નીચર વી. કાર્યપાલક ઇજનેરશ્રી – શહેર-૨ પેટા વી. કચેરી, ના ચુકાદા ન. બીઝેડ/ફોરમ/૯૨/૨૨-૨૩ /૭૨૬ તા. ૦૬.૦૪.૨૩ ને પણ ધ્યાને લેતા, તે મુજબનું વાદી પાસેથી સંમતિપત્રક મેળવી ૨ વર્ષનો મીનીમમ ચાજ વસુલી અંદાજપત્ર રદ કરવું અને જો કોઈ વિલંબીત ચૂકવણી ચાર્જ વસુલેલ હોય તો, તે પણ જમા આપવા.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(જે.એ. ગોસાઈ)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૮/૧૦/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar